ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ:-01** **તા.20-07-2021**

## શ્રી પરેશભાઈ ધાનાણી એ ગુજરાતની જનતાને મૂર્ખ કહી ગુજરાતની જનતાનું અપમાન કર્યું છે:- શ્રી ડૉ.ભરત ડાંગર

પ્રદેશ ભાજપના સહપ્રવકતા ડૉ.ભરત ડાંગર જણાવે છે કે કોંગ્રેસ પાર્ટી દ્વારા મોંઘવારીના વિરોધમાં યોજાયેલા કાર્યક્રમમાં લોકશાહીને જીવંત રાખવા માટે મતદાન કરનાર અને ભાજપને મત આપનાર ગુજરાતની જનતાને મુર્ખ કહીને વિરોધ પક્ષના નેતાએ સમગ્ર ગુજરાતીઓનું અપમાન કરેલ છે. દેશનું કોઇ રાજય નહી હોય જયા ગુજરાતીઓ વ્યવસાય અર્થે જઇને નામના ન મેળવી હોય એવી જ રીતે વિશ્વનો કોઇ દેશ નહી હોય જ્યાં ગુજરાતીઓએ વ્યવસાય અર્થે જઇ નામના ન મેળવી હોય. આવી ગુજરાતની સમજૂ, શિક્ષીત અને સંસ્કારી જનતાને જાહેરમંચ પરથી મુર્ખા કહેવાની કોંગ્રેસના નેતાઓની હલકી માનસિકતા દર્શાવે છે. દેશની આઝાદીમાં મહત્વનું યોગદાન આપનાર મહાત્માં ગાંધીજી હોય કે સરદાર વલ્લભાઇ પટેલ હોય તે પણ ગુજરાતી છે. વર્તમાનમાં દેશના પ્રધાનમંત્રી માનનીયશ્રી મોદી સાહેબ કે ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબ પણ ગુજરાતી છે. ઉદ્યોગીક જગતમાં હોય કે રાજકીય ક્ષેત્ર હોય દેરક ક્ષેત્રમાં ગુજરાતીઓની નામના છે. આ ગુજરાતીઓને મુર્ખ કહેવાનું કોંગ્રેસના નેતાઓને ભારે પડશે. કોંગ્રેસના નેતાઓએ આવા વાહિયાત નિવેદન બદલ ગુજરાતીઓની માફી માંગવી જોઇએ.

ડૉ.ભરત ડાંગર વધુમાં જણાવે છે કે આ જ કાર્યક્રમમાં કોંગ્રેસના નેતાઓ દ્વારા કોરોના સમયમાં દિવસ રાત કાર્ય કરનાર અને ગુજરાતને સુરક્ષા પ્રદાન કરનાર પોલીસ વિભાગને ભાજપના પીઠ્ઠુ કહીને તેમનું ઘોર અપમાન કરેલ છે. આ નિવેદન ગુજરાતની બહેન દિકરીઓની સુરક્ષા માટે દિવસ રાત પરિશ્રમ કરનાર પોલીસ જવાનોનું મનોબળ તોડવાની હલકી માનસિકતા દર્શાવે છે.

ડૉ.ભરત ડાંગર વધુમાં જણાવે છે કેઉપરોકત બંને નિવેદનો બદલ ગુજરાત કોંગ્રેસ પાર્ટી ગુજરાતની જનતા જનાર્દનની માફી માંગે અને પોલીસના જવાનોની પણ માફી માંગે અને હેલફેલ નિવેદન કરવાનું બંધ કરી ભારતીય જનાત પાર્ટીના કાર્યકરોની જેમ સેવા કરીને જનતાનો પ્રેમ અને વિશ્વાસ મેળવવાનો પ્રયત્ન કરવો જોઇએ.

ડૉ યજ્ઞેશ દવે
**(પ્રદેશ મીડિયા કન્વીનર)**